EDII

Divyabhaskar

(Businessbhaskar)
May 21, 2018
Pg.3

# યુવાનોએ ઉદ્યોગ સાહસિકતાનાં ગુણો ખીલવવા અત્યંત જરૂરી

## જીવનમાં નોંધપાત્ર સિદ્ધિઓ મેળવવાની જરૂર




**સ્ટાર્ટઅપ ટોક**

ડૉ. પંકજ ભારતી

વૃદ્ધિ કરવા અને સ્પર્ધામાં ટકી રહેવા માટેનાં પડકારોમાં વધારો થયો હોવાથી દેશનું અર્થતંત્ર નવાં પરિમાણો ધારણ કરી રહ્યું છે, જેનાં પગલે જીવનમાં મોખરે રહેવાની ઈચ્છા ધરાવતાં અને જીવનમાં સફળતા હાંસલ કરવા માંગતા લોકોમાં અસામાન્ય ક્ષમતા, રચનાત્મક શક્તિ અને વિશિષ્ટ ખાસયિતો ધરાવતું વ્યક્તિત્વ હોય એ જરૂરી છે. સમાજનો આધારસ્તંભ ગણાતી યુવા પેઢીને વિશેષ રીતે ઉદ્યોગ સાહસિકતાનાં ગુણો પ્રદર્શિત કરવાની અને તેમનાં જીવનમાં નોંધપાત્ર સિદ્ધિઓ મેળવવાની જરૂર છે. ઉદ્યોગ સાહસિકતા સાથે રચનાત્મકતા, આત્મવિશ્વાસ, નેતૃત્વ, ખંત અને નવીન અભિગમ કેળવવાનો જુસ્સો જેવા મૂલ્યો સંકળાયેલા છે, જેથી ઉદ્યોગસાહસિક બનવા તાલીમ મેળવતાં લોકોએ પોતાનાં વ્યક્તિત્વનાં સંપૂર્ણ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ખાસ કરીને 16 થી 22 વર્ષની વયજૂથનાં યુવાનો તેમનાં જીવન અને કારકિર્દીની પસંદગી કરવાનાં મહત્ત્વપૂર્ણ તબક્કામાં છે. તેમણે ઉત્કૃષ્ટતા હાંસલ કરવા સફળ ઉદ્યોગ સાહસિક બનવાં માટેનાં ગુણો ખીલવવાની જરૂર છે.

કેટલીક સંસ્થાઓ ઉદ્યોગ સાહસિકતાની રોમાંચક સફર પર માર્ગદર્શન આપવા સમર કેમ્પ યોજે છે, જે છેલ્લાં બે દાયકાથી આ ગ્રૂપ અને તેમની જરૂરિયાતને લક્ષ્યાંક બનાવી યુવાનોની અંદર રહેલી અપાર ક્ષમતા અને ઉદ્યોગસાહસિકની માનસિકતા કેળવે છે. આ પ્રકારનાં કેમ્પ યુવાનોને નેતૃત્વ, રચનાત્મકતા, ખંત અને જીવનમાં તમામ બાબતોમાં હકારાત્મતા જાળવવાની સાથે સમસ્યાનું સમાધાન કરવાની પદ્ધતિઓ વિકસાવવા, લક્ષ્યાંક નિર્ધારિત કરવાની ક્ષમતાઓ ખીલવવા પ્રોત્સાહન આપે છે. આ પ્રકારનાં કેમ્પ ઉદ્યોગ સાહસિકતાને પ્રેરણા આપતી વિકાસલક્ષી કવાયતો હાથ ધરીને, પ્રતિષ્ઠિત સંસ્થાઓની મુલાકાત લઈને તથા જાણીતા સફળ લોકો અને ઉદ્યોગ સાહસિકો સાથે ચર્ચા મારફતે ઉદ્યોગ સાહસિકતાનાં લક્ષણો અને ક્ષમતાઓ વિકસાવવા અને તેનું મૂલ્યાંકન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રકારનાં કેમ્પ સાથે ઉદ્યોગ અને અન્ય પ્રસંગોએ રહેલી તકોની સંભવિતતાઓ ઝડપવાનું કૌશલ્ય, ખાસ તૈયાર કરેલા મનોવૈજ્ઞાનિક પરીક્ષણો મારફતે સ્વમૂલ્યાંકન, કારકિર્દી અને માર્ગદર્શન જેવાં પાસાં અભિન્ન રીતે જોડાયેલા છે. અસરકારક પુરવાર થયેલી અને સારી રીતે ચકાસવામાં આવેલી આ કવાયતો અને રમતો મારફતે સમસ્યાનું સમાધાન, નિર્ણય લેવાની પ્રક્રિયા, ટીમનું નિર્માણ, રચનાત્મકતા અને સંબંધિત વિષયોની વિભાવના અને તેનું મહત્ત્વ સમજાવવામાં આવે છે. આ જ રીતે, બાળકો માટે સમર કેમ્પની ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવે છે, જેથી તેમની અંદર તમામ અવરોધો પાર પાડવા સાહસ જાગે, આત્મવિશ્વાસ વધે, ધૈર્ય અને દ્રઢતા જેવા ગુણો ખીલે. તે બાળકોમાં સફળતા મેળવવા, વિજેતા બનવા માટેનાં ગુણો ખીલવે છે, જેથી તેઓ અવરોધો પાર પાડવાની સાથે વિજેતાઓ બનવાની ક્ષમતા ધરાવે છે. આ કેમ્પનો મૂળભૂત ઉદ્દેશ ઉદ્યોગ સાહસિકતા માટે કેટલીક ખાસિયતો અને ટેવો અસરકારક રીતે ખીલવી સહભાગી થયેલા બાળકોમાં 'સફળતા મેળવવાનાં વિશિષ્ટ ગુણો' કેળવી વૈચારિક પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો છે.

ઈડીઆઈઆઈ બાળકોમાં ઉદ્યોગ સાહસિકતા અને ઉપલબ્ધિની ભાવનાને પ્રોત્સાહન આપવાનાં ઉદ્દેશ સાથે છેલ્લાં 26 વર્ષથી યુવાનો અને બાળકો માટે આ પ્રકારનાં કેમ્પનું આયોજન કરે છે, જેથી તેઓ મોટી સફળતાઓ મેળવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરે. આ પ્રકારનાં કેમ્પમાં 1,300થી વધારે યુવાનો અને 2,200થી વધારે બાળકોનું ઘડતર કરવામાં આવ્યું છે. જ્યારે અઠવાડિયા લાંબા આ પ્રકારનાં કેમ્પ યુવાનોમાં તેમનાં જીવનમાં નેતૃત્વ લેવા જાગૃત કરવા અને આત્મવિશ્વાસ જગાવવા પ્રેરિત કરે છે, ત્યારે બાળકોને જીવન અને કારકિર્દીમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવાનું શીખવે છે.

(લેખક:ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)

pbharti@ediindia.org